### સયાજી હોસ્પિટલની દયનીય હાલત : દર્દીઓ શ્રમયાત્રા માટે મજબૂર !

# સર્જિકલ વોર્ડમાં સિલીંગ ફેન બંધ, ગરમીથી ત્રસ્ત દર્દીઓ ઘરેથી પંખા લઈને આવે છે

**દર્દીઓ** સારવાર લેવા આવે છે ત્યાંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોતે જ 'ટ્રીટમેન્ટ' માગે એવી શરમજનક પરિસ્થિતિ







(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરની સર સયાજીરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલની હાલત હાલ ભારે દયનીય બની ગઈ છે. મધ્ય ગુજરાતની સૌથી મોટું માનાતું આ સરકારી હોસ્પિટલ અવારનવાર વ્યવસ્થાપન માટે વિવાદોમાં રહે છે. તાજેતરમાં કેટલાક વોર્ડ, ખાસ કરીને સર્જીકલ વોર્ડમાં ગરમીથી પરેશાન દર્દીઓ અને તેમના સગાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પરે છે; વોર્ડમાં પંખાં નહિ હોવાને કારણે દર્દીઓને પોતાની ઘરેતી પંખા લઈને આવવાની ફરજ પડી રહી છે. ઘણા ગંભીર રીતે બીમાર દર્દીઓ હોસ્પિટલ સુધી તો પહોંચી જાય છે, પરંતુ વોર્ડમાં પંખા ન હોવાથી તેમને પોતાના પરિવારજનો પાસે પંખા કે અન્ય કોઈ ઉપાય ચલાવવા માટે માંગ કરવી પડે છે."

આ સમસ્યાઓ માત્ર ગરમી પર અસર મૂકતી નથી; અનેક વોર્ડમાં પીવાના પાણીની વ્યવસ્થા બંધ છે, ગંદકીનું પ્રમાણ વધારે છે, અને સ્ટ્રેચરની પણ અછત અનુભવી શકે છે. આ કારણે દર્દીઓની તકલીફો વધતી જાય છે અને તેમને ભારે અસહેજતા અનુભવાય છે. હકીકતમાં, જ્યાં સારવારની આશાએ લોકો આવે છે, ત્યાં પરિસ્થિતિ પોતે જ સમસ્યા બની છે. જ્યાં દર્દીઓ સારવાર લેવા આવે છે ત્યાંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોતે જ 'ટ્રીટમેન્ટ' માગે એવી શરમજનક પરિસ્થિતિ જોવા મળે છે.

હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ દ્વારા તો માત્ર "મેઈન્ટેનન્સ ચાલી રહ્યું છે" તેવો બહાના આપવામાં આવે છે, પણ જીંદગી-મોતની લડાઈ લડતા દર્દીઓ માટે એ બહાના વિશ્વાસોપાત્ર લાગે છે. પ્રશ્ન એ છે કે ગુજરાતના સૌથી મોટા સરકારી હોસ્પિટલમાં દર્દીઓને ઓછી સુવિધાઓ અને ઉત્પાદ વહીવટના કારણે કેવી રીતે દુઃખ ભોગવવું પડી રહ્યું છે?

પ્રમુખ વહીવટી મુખ્યાઓને ચેતવણી છે કે જે હોસ્પિટલમાં લોકોને સારવાર મળવી જોઈએ ત્યાં તેમના પરિવારજનોને તકલીફોનો સામનો કરવો પડે છે, પંખા, શુદ્ધ પાણી, સ્ટ્રેચર જેવી હોસ્પિટલમાં સારી સુલભ સુવિધાઓ ન હોવાને કારણે દર્દીઓને યોગ્ય સારવાર પણ નથી મળી શકતી. શહેરના જવાબદાર અધિકારીઓને હવે વિચારવું પડે છે કે, આવું ક્યારે સુધરશે?

### શહેરમાં ભારદારી વાહનો ફરી બેફામ બન્યા : લોકોમાં આક્રોશ

# ડમ્પર ચાલકે પોલીસની PCR વાન સહિત વાહનોને ટક્કર મારતા મામલો બિચકયો

**પોલીસે** ડમ્પરના ચાલકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી







(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં ફરી એક વખત ભારદારી વાહનો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે.શહેરના અકોટા વિસ્તારમાં ડમ્પરના ચાલકે પોલીસની પીસીઆર વાનને ટક્કર મારી હતી. જેમાં પીસીઆર વાનના કાંચ તૂટી ગયા હતા.બનાવને પગલે ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા.જ્યારે પોલીસે ડમ્પરના ચાલકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા શહેરના અકોટા ચાર રસ્તા પાસે પીસીઆર વાનને ડમ્પર ચાલકે ટક્કર મારતા વાનના કાચના ભુક્કા થઈ ગયા હતા. જ્યારે વાન ચાલક પોલીસનો બચાવ થતા ડમ્પર ચાલકને સ્થાનિક પોલીસ મથકે લઈ જવાયો હતો. વિસ્તારમાં ટ્રાફિકજામ સહિત ટોળા એકત્ર થયા હતા. આ ડમ્પર ચાલકે આગળ પણ કેટલાય વાહનચાલકોને અડફેટે લીધા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ વિસ્તારમાં અકોટા ગામ નજીક પોલીસની પીસીઆર વાન હતી. દરમિયાન પૂર ઝડપે આવેલા ડમ્પર ચાલકે ટક્કર મારતા પીસીઆર વાનના આગળના કાચનો ભૂકો બોલી ગયો હતો. અકસ્માતના પરિણામે વિસ્તારમાં ટ્રાફિક જામ થતા ઘટના સ્થળે સ્થાનિકોના ટોળા એકત્ર થયા હતા. ટોળાએ જણાવ્યું હતું કે આ ડમ્પર ચાલકે આગળ પણ કેટલાક વાહન ચાલકને લીધા હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસે ડમ્પર ચાલકને સ્થાનિક પોલીસ મથકે લઈ જઈ બેસાડી દીધો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, શહેરમાં ભારદારી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં પણ કેવી રીતે એન્ટ્રી લે છે, તેની જો તપાસ થાય તો હપ્તાનું રાજકારણ જરૂર બહાર આવે તેમ છે.

### નવાયાર્ડ વિસ્તારમાં રહેતી મહિલાએ ફરિયાદ નોંધાવી

# પૂર્વ પ્રેમીએ મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી

**સંબંધ** રાખવાની ના પાડતા અગાઉ પણ મહિલા પર હિંસક હુમલો કર્યો હતો

**ફતેગંજ** પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતી મહિલા ઉપર અગાઉ ખૂની હુમલો કરનાર પૂર્વ પ્રેમીએ ફરીથી હુમલો કરવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં પૂર્વ પ્રેમી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

નવાયાર્ડ વિસ્તારમાં રહેતી મહિલાને પાંચ વર્ષ પહેલા યુવક(રહે, ગોરવા) ના શખ્સ સાથે મારે પ્રેમ સંબંધ થયો હતો. પરંતુ બંને વચ્ચે મનમેળાપ નહી થતા ડિવોર્સ મહિલા પ્રેમી સાથે સંબંધ તોડી નાખ્યાં હતા અને તેણી એકલી રહેવા લાગી હતી. દરમિયાન પૂર્વ પ્રેમી તેની સાથે સંબંધ તોડી નાખ્યા હોવાની અદાવત રાખીને તેની સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ મહિલા પર પૂર્વ પ્રેમીએ મારક હથિયાર વડે હિંસક હુમલો કર્યો હતો. પૂર્વ પ્રેમી સાથેના કેસમાં મહિલાને સમાધાન થયું હતું પરંતુ મહિલાને પૂર્વ પ્રેમી સાથે કોઈ પ્રકારના સંબંધ ન હતા. ગત 12ના રોજ ઘરે હતી દરમિયાન પૂર્વ પ્રેમી ધસી આવ્યો હતો અને મહિલા સાથે ગાળાગાળી કરી તુ પહેલા તો બચી ગઈ હતી પરંતુ હવે નહીં બચે તેમ કહીને ફરાર થઈ ગયો હતો. જેથી મહિલાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે પૂર્વ પ્રેમી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### નંદેસરીમાં કેમિકલ માફિયાઓને ડામવા જીપીસીબીનું તંત્ર નિ:ષ્ફળ

# વરસાદી કાંસ મારફતે જતા કેમિકલયુક્ત પ્રવાહીથી મીની નદીના પાણીનો રંગ બદલાયો

**ઝેરી** પ્રવાહ મીની નદીમાં ભળીને છેક મહીસાગર સુધી પહોંચે છે



(પ્રતિનિધિ) વડોદરા,તા.17

નંદેસરી ઔદ્યોગિક વસાહતની વરસાદી કાંસમાં કેમિકલ વેસ્ટ પ્રવાહી છોડ્યું છે. સિંહાકુઈ વિસ્તાર માંથી પસાર થઈ રહેલી વરસાદી પાણી નીકળવાની ખુલ્લી જગ્યામાંથી વેસ્ટ કેમિકલ યુક્ત પાણી મીની નદીમાં જઈ રહ્યું છે. આ વરસાદી ખુલ્લી કાંસોનો વિરોધ હોવા છતાં પાઈપલાઈન નાખીને ઢાંકી દેવામાં આવ્યું છે. જેથી વેસ્ટ કેમિકલ યુક્ત પ્રવાહી બેરોકટોક છોડી શકાય.

નંદેસરી સિંહાકુઈ વિસ્તારથી પસાર થતી વરસાદી કાંસમાં મોટી માત્રામાં કેમિકલ યુક્ત પ્રવાહી છોડી દેવામાં આવ્યું હતું. વરસાદી ઋતુ શરૂ થતાં જ કેટલાક કેમિકલ માફિયાઓ પાઈપ લાઈન મારફતે ખુલ્લી નદીમાં દુર્ગંધ યુક્ત ઝેરી પ્રવાહી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે.

આ ઝેરી પ્રવાહ મીની નદીમાં ભળીને છેક મહીસાગર સુધી પહોંચે છે, જેના લીધે મહિ નદીનું પાણી પણ દૂષિત થયું છે. સ્થાનિકો જણાવે છે કે પશુઓ બીમાર પડે છે અને ઘાસ ચારો બળી જાય છે. માફિયાઓને પાલનારા તંત્ર અને પોલ્યુશન બોર્ડ ની નબળી કામગીરી પર પણ અનેક સવાલ ઉઠી રહ્યા છે. કુંભકર્ણની નિંદ્રામાં ઘોરતી એનજીટી કે જીપીસીબી હાથ પર હાથ ધરી ને બેસી રહેશે તો પશુ પ્રાણીઓ અને માનવ સ્વાસ્થ પર કેવી અસર પડશે. તંત્ર આમ જ ઉંઘતું રહ્યું તો કેમિકલ માફીયાઓમાં કોઈ ડર નહી રહે ? એવું સ્થાનિક લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

### યુનિ.માં F.Y.B.comના વિદ્યાર્થીઓનું ઢોલ નગારા સાથે સ્વાગત



■ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં એફવાય બીકોમના રાબેતા મુજબ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો છે. ત્યારે કોમર્સ ફેકલ્ટીની મેન બિલ્ડિંગ ખાતે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઇ, એબીવીપી અને એજીએસયુના આગેવાનો દ્વારા ઢોલ નગારા સાથે પ્રથમ વર્ષમાં આવનાર નવા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે પોતાનું વર્ચસ્વ જમાવવા માટે સંગઠનનો ઝંડો લઈને પણ વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હતા. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ તો મેન બિલ્ડિંગની છત ઉપર ચડી ગયા હતા. બીજી તરફ વિદ્યાર્થી ચોથો વચ્ચે કોઈ ઘર્ષણ ન થાય તે માટે પોલીસનો બંદોબસ્ત પણ તૈનાત રહ્યો હતો.

### "ગઈ ભેંસ પાણીમાં" : વિશ્વામિત્રી નદીના કિનારે કાદવમાં ફસાયેલી ભેંસનું ફાયર બ્રિગેડ દ્વારા સફળ રેસ્ક્યુ




■ વડોદરા શહેરની વિશ્વામિત્રી નદીના તટે ચરવામાં ગયેલી એક ભેંસ અચાનક કાદવમાં ફસાય ગયી હતી. વરસાદ બાદ નદીના કિનારે રહેલા કાદવમાં ભેંસનો પગ ફસાઈ જતા આગ્નિશામક દળને કોલ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ ભેંસને સુરક્ષિત રીતે બહાર કાઢી સુપ્રતાવાહ વિચાર કર્યો હતો. સ્થાનિક લોકો તથા માલિક દ્વારા ફાયર બ્રિગેડની કામગીરીને પ્રશંસા મળી હતી. ઘટનાંમાં ભેંસને કોઇ ઈજા થતા બચાવવામાં આવી હતી. **(તસવીર : રણજીત સૂર્વે)**

### શહેરના ટ્રાફિક મેનેજમેન્ટને સુધારવાનો શક્તિશાળી પ્રયાસ

# હવે ઈ-મેમો ઓનલાઈન નહીં ટ્રાફિક કચેરીમાં જઈને રૂબરૂ ભરવો પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે ટ્રાફિક પોલીસે એક નવી વ્યવસ્થા શરૂ કરી છે. હવે ટ્રાફિક નિયમ તોડ્યા પછી ઈ-મેમો સીધા ઘરે આવી જશે. પરંતુ આ ઈ-મેમોનો દંડ તમને ઓનલાઈન ભરવાનો વિકલ્પ નહી અને દંડ ભરવા માટે ટ્રાફિક કચેરીમાં જઈને રૂબરૂ ભરવો પડશે.



ટ્રાફિક પોલીસનું કહેવું છે કે આ નવું પ્રયોગ ટ્રાફિક નિયમોનું કડક અમલ કરવા માટે લેવામાં આવ્યું છે. જેના દ્વારા દંડ વસૂલાતમાં સમયની વેડફાટ ટાળી શકાય અને દંડ ભરતી વખતે થતી દલીલો પણ ઘટાડી શકાય. સાથે સાથે ટ્રાફિક શિસ્તમાં પણ સુધારો આવશે એવો આશય આપવામાં આવ્યો છે. ટ્રાફિક પધ્ધતિ પ્રમાણે, વાહનચાલક નિયમ તોય તે સમયે તો શા માટે દંડ ભરવાનો સમય ન મળતો હોય તેવા લોકો માટે તમારું ઈ-મેમો ઘરે મોકલાશે. આ પછી તમારે ટ્રાફિક પોલીસ કચેરીમાં આવી દંડ ભરવો જરૂરી રહેશે. ટ્રાફિક પોલીસ અધિકારીઓનું માનવું છે કે આ નવું નિયમ લોકોને નિયમોનું ધ્યાન રાખવા પ્રેરણારૂપ રહેશે, અને વાસ્તવમાં નગરની ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો લાવવાનો માર્ગ ખુલશે. નાગરિકો દ્વારા આ નવા નિયમ માટે મિશ્ર પ્રતિભાવ મળ્યા છે. ઘણા લોકો કહી રહ્યા છે કે આ નિયમથી ટ્રાફિક નિયમોનું પાલન થશે, જ્યારે કેટલાક માટે નિયમનુસારી કચેરી જવું અનિવાર્ય હોવાને કારણે થોડું મુશ્કેલ રહેશે. આ વ્યવસ્થા વડોદરામાં ટ્રાફિક શિસ્ત કડક બનાવવાના પ્રયાસોમાં મહત્વનું પગલું ગણાય છે. ટ્રાફિક પોલીસનું કહેવું છે કે આગામી સમયમાં આ નિયમ વધુ ફળદાયક સાબિત થશે અને શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાની દરૂસ્તી થશે.

### ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો મહિલા કર્મીની નજર ચૂકવી સોનાની ચેન સરકાવી ફરાર

# VIP રોડ પર જ્વેલર્સના શો રૂમમાં ગણતરી કરતા ચેન ઓછી જણાઈ

**સીસીટીવી** ફુટેજના આધારે પોલીસ દ્વારા ગઠિયાની શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વીઆઈપી રોડ પર જ્વેલર્સના શોરૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો મહિલા કર્મચારીની નજર ચૂકવીને રૂ.30 હજારના સોનાની ચેન સરકાવી ફરાર થઇ ગયો હતો. નિઝામપુરા વિસ્તારમાંથી ઘર પાસે મુકેલા લોખંડના સળિયા, રિંગ સહિત રૂ.18 હજારનો મુદ્દામાલ ચોરી કરી ચોરો ફરાર થઇ ગયા હતા.

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં ખાતે રહેતા ઐયાનખાન અહેમદખાન પઠાણ વીઆઈપી રોડ પર વીરનગર સોસાયટી પાસે કેરેટલેન જ્વેલર્સ નામની કંપનીમા બે વર્ષથી સ્ટોર ઈંચાર્જ તરીકે નોકરી કરે છે. 19 જૂનના રોજ સવારમાં વીઆઈપી રોડ પર આવેલા સ્ટોર પર હાજર હતા. ત્યારે બપોરના સમયે દરમિયાન એક શખ્સ ગ્રાહકના સ્વાંગમાં આવ્યો હતો ત્યારબાદ શો રૂમમાં આવ્યો હતો. તેણે સોનાની ચેન બતાવવા માટે કહેતા મહિલા કર્મચારી પુર્ણીમા ત્રીપાઠીએ ટ્રેમાં સોનાની અલગ અલગ ચેન કાઢીને બતાવી હતી. દરમિયાન આ શખ્સો મહિલા કર્મચારીને એટીએમમાંથી રૂપિયા ઉપાડીને આવુ છું તેમ કહી ગયો હતો. પરંતુ આ શખ્સ પરત નહી આવતા મહિલા કર્મચારીએ ટ્રેનમાં મુકેલી સોનાની ચેનની ગણતરી કરીને પરત મુકી રહી હતી ત્યારે એક ચેન ઓછી જણાઇ આવી હતી. ત્યારબાદ મેનેજર દ્વારા પોલીસ સ્ટેશનમાં અરજી અપાઇ હતી. પરંતુ શો રૂમમા લગાવેલી સીસીટીવી કેમેરા ચેક કરતા ગ્રાહકના સ્વાંગમાં આવેલો શખ્સને પૂર્ણિમા બેને બતાવેલી સોનાની ચેનમાંથી 2 ગ્રામ અને 759 મીલીગ્રામ વજનની રૂપિયા 30 હજારની ચેન હાથ ચાલકી તથા મહિલા કર્મીની નજર ચુકવીને સરકાવી લીધી હતી. જેથી મેનેજર દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગઠિયાને ઝડપી પાડવાની કાર્યવાહી શરૂ કરી છે. બીજા બનાવમાં નિઝામપુરા ગામ પાસેની સર્વોદય સોસાયટીમાં રહેતા તેજષભાઇ હરીપ્રસાદ પંચાલે તેમના મકાનની બાજુમાં આવેલા લોખંડના સળિયાની રિંગો, સિકંજા, સળિયા મળી રૂ.18 હજારના મુદ્દામાલ મુકેલો હતો. દરમિયાન ગત 27થી 28 જુન દરમિયાન આ મુદ્દામાલની ચોરી કરી તસ્કરો પલાયન થઇ ગયાં હતા. તેઓએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### સમા સાવલી રોડ પર કારનો કાચ તોડી ચોરી કરનારને ક્રાઇમ બ્રાન્ચે દબોચ્યો




આજવા રોડ પર મંસુરી મંઝિલ ખાતે રહેતા નિલોફરબાનુ સફિલમોહમ્મદ મન્સુરી 4 જુલાઇના રોજ કાર લઇને સમા સાવલી રોડ પર ગયા હતા અને કાર પાર્ક કરીને આશીર્વાદ હોસ્પિટલમાં ગયા હતા. તે દરમિયાન તસ્કરે કારનો કાચ તોડીને લેપટોપ, ટચ પેન, રોકડા રૂપિયા એરપોડ સહિત રૂ.70 હજારના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. ત્યારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે પાણીગેટ વિસ્તારમાં શંકાસ્પદ જણાઇઆવ્યો હતો ત્યારે બેગ લઇને આ શખ્સે ભાગવાની કોશિશ કરી હતી.પરંતુ ક્રાઇમ બ્રાન્ચે મુનાફ હનિફ મન્સુરીને ઝડપી પાડ્યો હતો તેની પાસેથી તેની પાસેથી લેપટોપ અને રોકડ રક સહિત રૂ.66 હજારનો મુદ્દામાલ કબજે કરી ક્રાઇમ બ્રાન્ચે આરોપી સમા પોલીસને સોંપ્યો છે.

# પ્રજાલક્ષી પ્રશ્નો મુદ્દે કોંગ્રેસનો ઠાઠડી સાથે અનોખો વિરોધ

**પાલિકાના** ગેટ બહાર સિક્યુરિટી-પોલીસ સાથે કોંગ્રેસનું ઘર્ષણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

સ્મશાનોનું સંચાલન ખાનગી ઈજારદારોને આપવાની હકીકત બહાર આવી છે. ત્યારથી સમગ્ર શહેરના લોકો આ ઈજારો આપ્યા પછી હાલાકી અનુભવી રહ્યા છે.ત્યારે, સ્મશાનના ખાનગી કરણ, ભૂવો પડવાને કારણે વડોદરાને ખાડોદરા બનાવવા,પાયાની સુવિધાના આપવાની માંગ સાથે કોંગ્રેસે પાલિકાની વડી કચેરી બહાર દેખાવો કર્યા હતા. દરમિયાન ગેટ બંધ કરાતા પોલીસ સિક્યુરિટી સાથે ઘર્ષણ થયું હતું. જ્યારે પોલીસે બળપૂર્વક હોદ્દેદારો અને કાર્યકરોની અટકાયત કરી હતી.

વડોદરા શહેરના જુદા જુદા વિસ્તારો માં ભૂવા પડવાના કારણે ગંભીર દુર્ઘટના સર્જાઈ છે.આવી દુર્ઘટનામાં એક રિક્ષાચાલક ભૂવામાં પડતાં અનીલ વસાવા નામના વ્યક્તિ નું દુ:ખદ અવસાન થયું હતું. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે પાલિકા દ્વારા માર્ગસુરક્ષા અને જાળવણીના કામમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી છે. જનતાને ભાજપ શાસિત મહાનગર પાલિકા પાયા ની સુવિધા આપવા માં નિષ્ફળ ગઈ છે. ત્યારે, શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પાલિકા ની સભા ના દિવસે ભ્રષ્ટાચારની ઠાઠડી કાઢી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં પોલીસ દ્વારા વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત કાર્યકરોની અટકાયત કરી અકોટા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

કોંગ્રેસે આક્ષેપ કર્યા હતા કે, જનતાના આશીર્વાદથી કોર્પોરેશનમાં બેઠેલા ભાજપના નેતાઓ સભાના દિવસે સામાન્ય નાગરિક કોર્પોરેશન માં જઈ ના શકે તે માટે કિલ્લા બંધી કરેલી. જેથી સ્પષ્ટ થાય છે કે ભાજપ ના નેતા લોકશાહી ભૂલી રાજાશાહી નો ઉદાહરણ આપી રહી છે. મેયર દિલ્લી ગયા હતા પરંતુ વડોદરા શહેર ખાડોદરા થઈ ગયું છે.

# 66 કે.વી. અંડરગ્રાઉન્ડ લાઇનમાં વીજ પ્રવાહ શરૂ, ખોદકામ પર કડક પ્રતિબંધ

**લાઇનના** રૂટ પર અથવા આજુબાજુમાં ખોદકામ કરવું તે જિંદગી માટે જોખમભર્યું

**આમલીયારાથી** સયાજીપુરા સુધીની લાઇનમાં 19 જુલાઈથી વીજ પ્રવાહ શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરની અંદર આમલીયારા સબ સ્ટેશનથી સયાજીપુરા સબ સ્ટેશન સુધી 66 કે.વી.ની અંડરગ્રાઉન્ડ કેબલ વીજ લાઈન પાથરવામાં આવી છે. આ લાઈન લગભગ 7.08 કિલોમીટર લાંબી છે અને શહેરના મોટા ભાગના વિસ્તારોમાંથી પસાર થાય છે.

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે 19 જુલાઈ 2025થી કે તેના પછીના કોઈપણ દિવસે, આ વીજ લાઇનમાં વીજ પ્રવાહ (કરંટ) ચાલુ કરી દેવામાં આવશે. તેથી, આ લાઈન જ્યાંથી જાય છે કે તેના નજીક, કોઈ પણ જાતનું ખોદકામ, બોરિંગ, ડ્રિલિંગ, પાઈપલાઈન નાખવી કે અન્ય કોઈ કામગીરી કેમ પણ, આપના જીવ માટે ખતરનાક છે. અંડરગ્રાઉન્ડ વીજ લાઈનમાં ભારે વિદ્યુત દરજ્જો હોય છે અને જો નીચે ખોદકામ કરાશે તો વીજ પ્રહાર થવાની અને જીવલેણ અકસ્માત થવાની ખૂબ મોટી શક્યતા છે.

શહેરના રહેવાસીઓ અને બાંધકામ કાર્ય સાથે જોડાયેલા તમામ લોકોને ખાસ વિનંતી છે કે, કોઈપણ પરિસ્થિતિમાં આ વીજ લાઈનના રૂટ પર અથવા તેની આજુબાજુ ખોદકામ ન કરો. જો કોઈ એ પ્રકારનું કામ કરવું હોય તો પ્રથમ જેટકો અથવા વીજતંત્ર સાથે સંપર્ક કરો અને જરૂરી પરવાનગી પ્રાપ્ત કર્યા વગર કોઈપણ પ્રકારનું કામ શરુ ન કરો. આ સૂચના આપની જાતની સુરક્ષા માટે આપવામાં આવી છે. આપ સૌએ આની ગંભીરતાને સમજી, સંપૂર્ણ પાલન કરો, જેથી કોઈ આપત્તિ સર્જાય નહીં.

# વાસણાહરીનગર રોડના કોમ્પ્લેક્સના વીજ મીટરોમાં શોર્ટ સર્કિટથી આગ

**કોમ્પ્લેક્સમાં** મકાનો અને દુકાનોમાં કલાકોથી લાઈટો ડુલ થતા લોકો અટવાયા

**ફાયર** બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો, તમામ મીટર બળીને ખાખ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વાસણા હરીનગર રોડ ઉપર આવેલા ડીમાર્ટ ની બાજુમાં આવેલા કોમ્પ્લેક્સના મિટરોમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જેના કારણે વેપારીઓ તથા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે આગ વધુ પ્રસરે તે પહેલા જ ફાયર બ્રિગેડના જવાનોએ તુરંત સ્થળ પર આવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગમાં મીટરો બળીને ખાખ થઈ ગયા હોવાથી વીજ કંપની દ્વારા પુનઃ વીજ પુરવઠો ચાલુ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

વડોદરા શહેરના વાસણા હરીનગર રોડ આસ્થા હોસ્પિટલની બાજુમાં ઈસ્કોન રોડ ડી માર્ટની બાજુમાં આવેલા કોમ્પલેક્ષના મીટરમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગી ગઈ હતી. આ મીટર પેટીઓમાંથી ધુમાડા સાથે આગની જવાળાઓ બહાર નીકળતા કોમ્પ્લેક્સમાં દુકાન ધરાવતા તથા રેસીડેન્સમાં રહેતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. કોમ્પ્લેક્સમાં રહેતા રાજેશભાઈએ ફાયર બ્રિગેડને ફોન કરી જાણ કરતા ટીમના જવાનો તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. ઉપરાંત મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ની ટીમ પણ સ્થળ પર દોડી આવી હતી તેઓએ વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. ત્યારબાદ પાણીનો સતત મારો ચલાવીને મીટરમાં લાગેલી આગ પર કાબુ મેળવવાનું શરૂ કર્યું હતું. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. જોકે વીજ મીટર બળીને ખાખ થઈ ગયા હોય વીજ પુરવઠો બંધ હોય વીજ કંપની દ્વારા તેને ચાલુ કરવાની કામગીરી હાથધરવામાં આવી હતી.